# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ખાતે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત એક-દિવસીય ખેડુત તાલીમ કાર્યક્રમ

મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા તેમજ પરંપરાગત કૃષિ વિકાસ યોજના તેમજ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની (જી.એલ.પી.સી.) ના સહયોગથી દાહોદ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે અત્રેના કેન્દ્ર ખાતે ચાલતી **ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી** યોજના અંતર્ગત **તા. ૨૪ અને ૨૫, જુન ૨૦૨૫** ના રોજ એક દિવસીય તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ પરંપરાગત કૃષિ વિકાસ યોજના (પી.કે.વી.વાય) ના કુલ ૧૦૦ જેટલા ખેડૂત ભાઈઓ તેમજ તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની (જી.એલ.પી.સી.) ની કુલ ૯૦ જેટલી કૃષિ મહિલાઓ, આમ અંદાજીત ૧૯૦ જેટલા ખેડૂત ભાઈઓ-બહેનોએ આ તાલીમમાં ભાગ લીધેલ હતો.

આ તાલીમ કાર્યક્રમમાં અત્રેના કેન્દ્રના વડા અને સહ સંશોધન વૈજ્ઞાનિક, ડૉ. એમ.બી.પટેલએ મકાઈની સંયોજિત, સંકર તેમજ મુલ્યવર્ધિત જાતોની માહિતી તેમજ ડૉ. પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ) દ્વારા મકાઈના પાકમાં બીજ ઉત્પાદન અંગે ખેડૂતોને માહીતગાર કરેલ હતા. ડૉ. કે.એલ.ડાભી, મદદનીશ પ્રાધ્યાપક દ્વારા મકાઈમાં યાંત્રિકીકરણ વિષે, ડૉ. એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્ર) દ્વારા મકાઈમાં આવતા રોગો અને જીવાતોના સંકલિત નિયંત્રણ વિષે, શ્રી. વી.જે.પટેલ, સીનીયર રીસર્ચ આસીસ્ટન્ટ દ્વારા મકાઈમાં મુખ્ય તેમજ સુક્ષ્મ તત્વોના મહત્વ વિષે તેમજ ડૉ. ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા પ્રાકૃતિક ખેતી વિષે ખેડૂતોને વિસ્તૃતમાં માહિતી આપેલ હતી.





૨૪/૦૬/૨૦૨૫






૨૫/૦૬/૨૦૨૫